ગુજરાતી ઈમેગેઝીન • વર્ષઃ 1 • અંકઃ 3 • તારીખઃ 13 થી 20 મે, 2017

# ન્યૂઝવ્યૂઝ ડાયજેસ્ટ

તંત્રીઃ ધીમંત પુરોહિત • સંપાદકઃ અલકેશ પટેલ



ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ: 1 • અંક: 3 • તારીખ: 13 થી 20 મે, 2017

# ન્યૂઝવ્યૂઝ ડાયજેસ્ટ

તંત્રી: ધીમંત પુરોહિત • સંપાદક: અલકેશ પટેલ

## સાંકળિયું

વાર્તા: દિકરીની રજાચિઠ્ઠી : અનામી

લઘુકથા: ભાઈ-બહેન: દુર્ગેશ ઓઝા

કાવ્યધારા:

કચ્છનું પાણી: અમૃત ઘાયલ

તમને ફૂલ: મહેશ શાહ

ફૂલો ન હોય તોય: ગૌરાંગ ઠાકર

પુસ્તક પરિચય: અલકેશ પટેલ

‘વનની વાટે - શૈલેશ રાવલ’

• પ્રકાશક: ન્યૂઝવ્યૂઝ.કોમ વતી ધીમંત પુરોહિત

• આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ :
dhimataajtak@gmail.com

• અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle,
Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101

મેગેઝીન ડિઝાઈન: હર્ષલ ગિલ્ડર     કવર ફોટો: શૈલેશ રાવલ

# દીકરીની રજાચિઠ્ઠી   લેખક - અનામી

ઘરમાં વેકેશનની તૈયારીઓ તડામાર ચાલી રહી હતી. 'ચાર દિવસ પછી તો આપણે પ્લેનમાં બેઠા હોઇશું..... અને ખૂબ મજા કરીશુ...!' મમ્મી તો ગોવા જતી ફ્લાઇટમા જાણે સૌ બેસી ગયા  હોય છે તેવુ આભાસી ચિત્ર મોટા દિકરા આયુધ અને નાની દીકરી રિદ્ધિને બતાવી રહી હતી.
'અને જો મમ્મી... હું બીચ પર ખૂબ ન્હાવાનો છું... તું મને રોકતી નહિ...!!' દસમા ધોરણની પરીક્ષા પુરી થયા પછી આયુધ ક્યારનો'ય વેકેશનની મોજમસ્તીના સપનાં જોઇ રહ્યો હતો.
'પણ.... મમ્મી.... આ ફરવા જવાનો ખર્ચ કેટલો થશે ?' ક્યારનીયે ચુપ બેસેલી રિદ્ધિએ મમ્મીને પુછી લીધું.
'એ.. તો.. તારા પપ્પાને ખબર...!!'  મમ્મી એ જવાબ વાળી દીધો તો ખરો, પણ જે ચિંતા મોટા વ્યક્તિને થવી જોઇતી'તી તે ચિંતા ઘરની સૌથી નાની વ્યક્તિ જે હજુ તો ચોથા ધોરણની પરીક્ષા આપી તે રિદ્ધિ કરી રહી હતી.
'પણ.. જુઓ આ વખતે હું તમારું કોઇ બહાનું નહી ચલાવી લઉ... મારી બધી બહેનો તો આખું ભારત ફરી આવી... તમે મને અંબાજીથી ક્યાંય આગળ નથી લઇ ગયા....!!! ગમે તે કરી આ વેકેશન તો મારે ગોવા જ જવું છે.....!!!' આ સ્ત્રીહઠે વશિષ્ઠને મજબુર કરી દીધો હતો....
જો કે તે સ્ત્રીહઠ પુરી કરવા પાછળ વશિષ્ઠે પોતાની પ્રામાણિક્તા દાવ પર લગાવી દીધી હતી. પોતાની કંપનીમા એક મોટો ઓર્ડર અપાવવા માટે સામેની કંપની પાસે ગોવાનું  પેકેજ લાંચ પેટે લઇ લીધુ હતુ.. વશિષ્ઠની અંદરનો વસવસો દુર કરવા તેની પત્નીએ જ પ્રેક્ટિકલ એપ્રોચ સમજાવ્યો હતો.
વશિષ્ઠની પત્નીએ અને આયુધે તો પોતાની સોસાયટી અને દરેક જાણીતાને પોતે વેકેશનમા પ્લેનમાં ફરવા જવાના છે તેની જાહેરતો કરી દીધી હતી.
મમ્મીએ ત્રીજી વાર બધુ પેકીંગ ચકાસી  લીધું.. અને બસ હવે તો ગોવામા જ શાંતીથી સુઇ શક્શે તેવા શમણાંમાં ખોવાઇ જતી...
રાત્રે બાર વાગે સેકન્ડ શિફ્ટ પુરી કરી વશિષ્ઠ ઘરે આવ્યો.
તેના ચહેરા પર નૂર ઓછું હતું... તે ચુપ હતો... પત્નીએ આજે પહેલી વાર રાત્રે મોડે ગરમ-ગરમ રસોઇ બનાવી આપી.
ચોથા કોળીયે તો વશિષ્ઠે તો કહી દીધું,.. 'મારી રજા મંજુર થઇ નથી... બધા વેકેશનમા રજા લેશે તો કંપની કેવી રીતે ચાલશે? શેઠે હમણા રજા નહિ મળે તેમ સ્પષ્ટ કહ્યું છે.....!!' આ વાક્ય પુરુ થતા તો તેની પત્નીના બધા સપનાઓ તો જાણે એકક્ષણમાં જ ઓગળી ગયા.
'તો... પછી એમ કરો.... બીમારીની રજા લઇ લો...!!'
'પણ.. માંદુ કોણ છે ? એક તો મેં શેઠને જણાવ્યું પણ નથી કે આપણે ફરવા જવાના છીએ... જો તે તપાસ કરે કે આ પેકેજ મને પેલી કમ્પનીએ ગિફ્ટ વાઉચરમા આપ્યું છે.. તો... મારી વર્ષોની પ્રામાણિક્તા અને વિશ્વાસ પર પાણી ફરી વળે...!!' વશિષ્ઠ ખોટું કરવા તૈયાર નહોતો.
'બળી તમારી પ્રામાણિક્તા...ને બળ્યો તમારો વિશ્વાસ.... આટલા વર્ષોની નોકરી પછી તમને મળ્યું છે શું ? અને એક વાર ખોટુ બોલી જશો કે  મારી દિકરી ખરેખર માંદી છે.. તો શેઠ કાંઇ ઘરે થોડા જોવા આવવાના છે ?' પત્ની ખૂબ પ્રેક્ટિકલ બની વશિષ્ઠના વર્ષોની પ્રામાણિકતાને તુચ્છ જણાવી રહી હતી.

‘સારુ.. એમ કરીશ….’ ત્રણ શબ્દો પછી વશિષ્ઠે જમવાનુ પુરુ કર્યુ અને આયુધ- રિદ્ધિ પાસે સુઇ ગયા. રિદ્ધિ તે બન્નેની વાતચીત સાંભળી ચુકી હતી.
વશિષ્ઠની આંખોમાથી  ઉંઘે રજા લઇ લીધી હોય તેમ તે રુમની છતને તાકીને જોઇ રહ્યો હતો.
રિદ્ધિ જાણે પપ્પાની પરિસ્થિતિ પામી ચુકી હોય તેમ પોતાની નાની હથેળીથી પપ્પાના માથે હાથ ફેરવવા લાગી.
‘કેમ બેટા, ઉંઘ નથી આવતી….??’ વશિષ્ઠે રિદ્ધિ બાજુ પડખું ફેરવ્યું.
‘પપ્પા… તમને પણ ક્યાં ઉંઘ આવે છે..? પપ્પા પૈસાની તકલીફ હોય તો આપણે ફરવા નથી જવું.’
દિકરીની નાની હથેળીમાં વ્હાલ એટલું હતું કે વશિષ્ઠની આંખો ભરાઇ આવી..
‘ના… બેટા.. આ તો રજા પાસ નથી થઇ… એટલે શું કરું તે વિચારતો હતો… પણ એ તો હું ગમે તેમ કરીને તે કરી લઇશ.. તુ  સૂઇ જા અને વેકેશન ટુરની તૈયારી કર…’ વશિષ્ઠે રિદ્ધિના કપાળે દીર્ઘ ચુંબન કર્યુ અને જાણે પોતાના બધો’ય ભાર હળવો થઇ ગયો હોય તેમ લાગ્યું.
બીજા દિવસે વશિષ્ઠે પોતાના ઓળખીતા ડોક્ટર પાસે રિદ્ધિની માંદગીનુ સર્ટી લઇ લીધું અને કંપનીમા ભારે પગલે શેઠની કેબિનમા પગ મુક્યો.
શેઠ તેમના હાથમા એક કાગળ વાંચી રહ્યા હતા.
‘સર… મારી રજાચીઠ્ઠી…. મારી દિકરીને ઝેરી મેલેરીયાની અસર છે… હું અઠવાડિયું કામ પર નહિ  આવી શકું…!!’ વશિષ્ઠે આખરે સાહ્સ કરીને ખોટુ બોલી દીધું.
‘રજા આપી નથી એટલે બહાનું તો નથીને વશિષ્ઠ…???’’ શેઠે ધારદાર નજરથી વશિષ્ઠ સામે જોયું.
અને તે ક્ષણે વશિષ્ઠની આંખોમાં રહેલું અસત્ય ક્યાંક પરખાઇ ન જાય એટલે તે આડીઅવળી થઇને સુરક્ષિત ખુણો શોધવા લાગી અને છેલ્લે તે જમીન તરફ સ્થિર થઇ ગઇ. અને જીભે તેનું પ્રેક્ટિકલ કામ કર્યું,
‘ના… સર….!!’
‘સારુ મને તારામા વિશ્વાસ છે કે તું ખોટું નહી બોલે…!!’ શેઠના આ શબ્દોથી વશિષ્ઠને થયું કે ખરેખર આજે પહેલીવાર હું મારી નજર ઊંચી નથી કરી શક્તો.
તે ચુપ રહ્યો.
શેઠે કહ્યું, ‘સારુ રિદ્ધિની સારવારનો ખર્ચ કંપનમાંથી લઇ લેજે….!’ આ શબ્દોથી વશિષ્ઠની આંખોમાંથી ઝળઝળીયા આવી ગયા… અને ફરી અંદરથી સત્ય બેઠું થઇ ગયું.
તે વિશ્વાસથી શેઠને સાચુ કહેવા નજીક આવ્યો.. ‘સર… સોરી… હું આજે તમારી સામે જુઠ્ઠુ બોલ્યો છું…રિદ્ધિ માંદી નથી..મારે રજા નથી જોઇતી…!’ વશિષ્ઠ ઝડપથી કેબિન બહાર નીકળવા લાગ્યો…!!’
‘ઊભો રહે વશિષ્ઠ…. તુ આ કંપનીનો સૌથી જુનો અને પ્રામાણિક કર્મચારી છે… તુ જુઠ્ઠુ બોલ્યો તેની સજા થશે…' શેઠની આંખોમાંથી જાણે આગના તણખા ઝરી રહ્યા હતા.
'લે આ કવર…!!’ શેઠના ભારેખમ અવાજમાં વશિષ્ઠના પગ થંભી ગયા.
વશિષ્ઠને લાગ્યું કે શેઠે મને પાણિચું તો નથી પકડાવી દીધુ’ને…??
‘સારુ.. ખોલ… કવરને ..!!’ શેઠનો અવાજ વધુ ભારેખમ હતો.
વશિષ્ઠે ધ્રુજતા હાથે કવર ખોલ્યું, તેમા એક નાની ચીઠ્ઠી હતી.. અને સાથે બીજું કવર હતું…!
‘તે ચીઠ્ઠી વાંચ…!’ શેઠ હજુ ગુસ્સામાં હતા.
નાની ચબરખીમાં મરોડદાર અક્ષરે લખેલું હતું….

'રજા ચિઠ્ઠી....
સર જણાવવાનું કે મારા પપ્પાની રજા તમે મંજુર કરી નથી. અમારે ખરેખર ફરવા જવું છે. મારા પપ્પા ક્યારેય ખોટું બોલતા નથી. પણ કાલે રાત્રે જ મને લાગ્યું કે મારા પપ્પા અમારા માટે ખોટું બોલીને તમારી પાસે રજા માંગશે. મારી સ્કુલની રજા માટે મારા પપ્પા જો રજાચીઠ્ઠી લખતા હોય તો તેમની રજાચીઠ્ઠી હું કેમ ન લખી શકું ? વળી.. પપ્પાને પૈસાની પણ તકલીફ છે.. જે મને ક્યારેય નહીં જણાવે કેમ કે હું તેમની દિકરી છું... દિકરો નહીં.....!! હું માંદી નથી, છતાં પણ તમે મારા પપ્પાને રજા આપશો તેવી હું તેમની દિકરી ભલામણ કરુ છું.
મારા પપ્પાની વ્હાલી દિકરી
રિદ્ધિ.'
વાંચતાની સાથે જ વશિષ્ઠની આંખો ઉભરાઇ ગઇ... ગળામાં ડુમો બાઝી ગયો. તે નિ:શબ્દ બની ઊભો રહી ગયો.
શેઠ ઊભા થઇને તેની નજીક આવ્યા અને કહ્યું. 'વશિષ્ઠ...આ કવરમાં બીજું કાગળ છે તે તમારી ફેમિલી ટુરનું યુરોપનું પેકેજ છે. તમારા પાસપોર્ટ, વીઝા થઇ જશે... ખરીદીના વાઉચરો છે...તમારા મનગમતા કપડાં ખરીદી લેજો....અને ગોવા જવાની જરૂર નથી....!!' શેઠ પણ દુનીયાદારી જોઈ ચૂક્યા હતા.
વશિષ્ઠ શેઠનાં ચરણોમાં ઝુકી ગયો..
શેઠે તેને ખભો પકડીને ઊભો કર્યો અને કહ્યું, 'અને.... હા તારી ડાહી રિધ્ધિને કહી દે જે કે મેં તેણે લખેલી રજાચીઠ્ઠી મંજુર કરી દીધી છે.'

ભાઈ-બહેન
દુર્ગેશ ઓઝા
નિશાનું રુદન સાંભળતા જ તેના પિતાજી સુરેશચંદ્રે પૂછ્યું : 'શું થયું તને ? કોણે તને હેરાન કરી ?'
'પિતાજી, દિનેશે મારા હાથમાંથી ચોપડી ઝૂંટવી લીધી. મેં પાછી લેવા ચોપડી ખેંચી તો એણે મને... એણે મને માર્યું. તમે એને તો કાંઈ કહેતા નથી. કાલેય મને ખીજવતો'તો.'
અને સુરેશચંદ્ર ઊંચા અવાજે બોલ્યા : 'ક્યાં ગયો દિનેશ ? આજે તો તારી ખબર લેવી પડશે. નાની બહેનને હેરાન કરતા શરમ નથી આવતી ? મોટોભાઈ થઈને સમજતો નથી ? શું કામ તેં એને માર્યું ?'
'પણ મારેય આ ચોપડી વાંચવી છે.' દિનેશે કહ્યું.
'પણ હમણાં તો તું બીજું કંઈક વાંચતો'તો. બહાનાં કાઢીને હાથ ઉગામતાં ક્યાંથી શીખી ગયો ? આજે તને જમવાનું નહિ મળે અને જો હવે આવાં તોફાન કરીશ તો માર્યા વિના નહિ મૂકું.' સુરેશચંદ્રે પુત્રને ધમકાવ્યો.
નિશાએ અંગૂઠો બતાવીને કહ્યું : 'લે, લેતો જા, લેતો જા લાડવો' ને પછી તાળી પાડીને હસવા લાગી.
.....અને જમવાનો સમય થયો.
સુરેશચંદ્રે નિશાને બોલાવી, પણ એ ક્યાંય દેખાઈ નહિ. તેને શોધવા એ ઉપરના ઓરડે ગયા. ત્યાં અચાનક કંઈક ધીમો ધીમો અવાજ સંભળાયો. ડોકિયું કરતાં જોયું તો નિશાની ભરેલી થાળી ત્યાં પડેલી હતી. તે તો જમતી જ હતી પણ દિનેશને પણ જમાડતી હતી. બંનેના ચહેરા પર લાગણી અને પ્રેમના ભાવ ચિતરાયેલા હતા. ને નિશા કહેતી હતી, 'જલદી જલદી જમી લે, નહિતર પિતાજીને ખબર પડી જશે.'
અને સુરેશચંદ્ર આંખનો ખૂણો લૂછતાં હર્ષભેર જમવા બેઠા !!

## કચ્છનું પાણી - અમૃત ઘાયલ

------------------

ભાંભળું તોયે ભીંજવે ભાવે,

વણબોલાવ્યું દોડતું આવે

હોય ભલે ના આંખની ઓળખ,

તાણ કરીને જાય એ તાણી,

વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી !
જાય હિલોળા હરખે લેતું,

હેતની તાળી હેતથી દેતું.

હેત હરખની અસલી વાતું,

અસલી વાતું જાય ન નાણી,

વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી !
આગવી બોલી બોલતું જાયે,

પંખી જેમ કલ્લોલતું જાયે,

ગુંજતું જાયે ફૂલનું ગાણું,

વેરતું જાયે રંગની વાણી,

વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી !
સ્નેહનું પાણી શૂરનું પાણી,

પોતના પ્રચંડ પૂરનું પાણી,

હસતું રમતું રણમાં દીઠું,

સત અને સિન્દૂરનું પાણી,

વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી !

## મહેશ શાહ

તમને ફૂલ દીધું'તું ત્યારે હૈયું મારું ધર્યું'તું,

તમે હાથમાં લઈ સૂંઘીને હળવું સ્મિત કર્યું'તું.
સવારના તડકા જેવી કંઈ હૂંફ હોઠ પર લાવી,

તમે કહ્યું કંઈ ધીમે સાદે હળવે ડોક હલાવી,

ઊભાં હતાં ત્યાં જરા ખસી જઈ પગલું એક ભર્યું'તું.
તમે આંખમાં ભરી આગમન મારા સુધી વહ્યાં'તાં,

મને સમેટી લઈ એકલો કશું ન કહી રહ્યાં'તાં,

કહો કશું તો મને થાય કે જીવન ભર્યું ભર્યું'તું.
ફરી મળીશું ક્યારે એનો જવાબ નહોતો પાસે

સુગંધને શરમાવી રમતું ફૂલ તમારા શ્વાસે,

પાંખડીઓમાં મૂકી ટેરવું ચુંબન તમે કર્યું'તું.

## ગૌરાંગ ઠાકર

ફૂલો ન હોય તોય બગીચો તો જોઈએ,

ખુશબુના ખાલીપાને દરજ્જો તો જોઈએ.
તમને ગઝલ તો કહેવી છે પણ એક શર્ત છે,

દિલમાં તમારા ક્યાંક ઉઝરડો તો જોઈએ.
ઘરમાં ભલેને રાચરચીલું ન હોય પણ

એક બે તમારાં ઘરમાં વડીલો તો જોઈએ.
મનમાં ઘૂસી ગયો છે મૂડીવાદ કેટલો?

તમને ધનિક કહેવા ગરીબો તો જોઈએ.
ચાલ્યા કરે ચરણ ને શું? મંઝિલથી પણ વધુ,

તળિયાથી તાળવા સુધી જુસ્સો તો જોઈએ.
તમને પૂછ્યા વગર તો મે પાણી નથી પીધું,

મારા પછી જે આવે એ તરસ્યો તો જોઈએ.

# પુસ્તક પરિચય: અલકેશ પટેલ

## કુદરત પ્રત્યે પ્રેમ જગાવવાની તાકાત ધરાવતું પુસ્તક - વનની વાટે

અન્ય રાજ્યમાંથી કે પછી પરદેશમાંથી કોઈ ગુજરાત આવે અને એક સરેરાશ ગુજરાતીને જોવાલાયક સ્થળો વિશે પૂછે તો જવાબ મળે... નળ સરોવર, સોમનાથ, કાંકરિયા, સાપુતારા, દીવ-દમણ વગેરે. પણ શું ગુજરાતની ઓળખ આટલી જ છે? આનો જવાબ તમે 'ના' માં ત્યારે જ આપી શકો જ્યારે તમે 'વનની વાટે' વાંચ્યું હોય...









ગુજરાતના જાણીતા સિનિયર તસવીરકાર શૈલેશ રાવલની કૉફીટેબલ બુક – 'વનની વાટે' હજુ તાજેતરમાં જ પ્રકાશિત થઈ છે. આ પુસ્તકની સૌથી મોટી વિશેષતા એ છે કે જેમને કુદરતમાં રસ છે, કુદરત વિશે વધુને વધુ જાણવામાં રસ છે તેમને તો જાણે ખજાનામાં ઉમેરો થયો એવું લાગશે, પરંતુ જેઓ કુદરતથી દૂર જઈ રહ્યા છે તેમને પણ કુદરતને ખોળે ખેંચી જવાની તાકાત આ પુસ્તકમાં છે. એવું શું છે આ પુસ્તકમાં? વાસ્તવમાં 'વનની વાટે' એક એવો દસ્તાવેજ છે ગુજરાતના કુદરતી સૌંદર્યના ઉજળા પાસાંને વધુ ઉજળો બનાવે છે. ડાંગના જંગલ, ડાંગની વન્યસૃષ્ટિ, કચ્છની વન્ય અને જીવસૃષ્ટિ, ગુજરાતમાં અલગ અલગ ઋતુમાં આવતા વિદેશી

પક્ષી – આવી અનેક અજાણી વાતો તસવીર અને તેના ઈતિહાસ સાથે 'વનની વાટે' માં આપણને મળે છે. સાચી વાત તો એ છે કે મોટાભાગના ગુજરાતીઓ માટે પણ આ એક અમૂલ્ય દસ્તાવેજ સાબિત થાય તેમ છે. જેમ કે ગીરનું કમલેશ્વર, દંડકારણ્યનો અંજનકુંડ, રણગોધલો, સિરક્રીક. આ ઉપરાંત રાજ્યની અન્ય જીવસૃષ્ટિ – જેવી કે બાજ, નીલગાય, ખારા પાટની ચકલી, ઢોરબગલા, ઘંટીટાંકણો, ઊડતી ખિસકોલી. આમાંના ઘણાં નામ મોટાભાગના લોકો માટે અજાણ્યા હશે, પરંતુ આ પુસ્તક વાંચ્યા પછી એ સ્થળોની મુલાકાત લેવાનું અચૂક મન થશે એ નક્કી છે. શહેરોમાં રહેતા મોટાભાગના લોકોએ અને તેમાંય ખાસ કરીને યુવાપેઢીએ થોર (કાંટાળો છોડ) વિશે સાંભળ્યું નહીં હોય, જોયા તો નહીં જ હોય, પરંતુ 'વનની વાટે' તમને એ થોરમાં રહેલા સૌંદર્યનો પણ પરિચય કરાવે છે. ટૂંકમાં, જે લોકો કુદરતની સાથે રહ્યા છે તેમને ઈમોશનલ બનાવે એવું અને જે લોકો ગુજરાતના કુદરતી સૌંદર્યને જોવા-જાણવા માગે છે તેમના માટે માર્ગદર્શક બની રહેવાની ક્ષમતા ધરાવતો દસ્તાવેજ એટલે - 'વનની વાટે'.

વનની વાટે
લેખક અને તસવીરકારઃ શૈલેશ રાવલ
પ્રકાશકઃ નવભારત સાહિત્ય મંદિર
પેજઃ 217
કિંમતઃ રૂ. 800


प्रधान मंत्री
Prime Minister

નવી દિલ્હી
૪ મે, ૨૦૧૭

સ્નેહી શ્રી શૈલેષભાઈ,

આપના તરફથી પત્ર અને કોફી ટેબલ પુસ્તક સંપુટ મળ્યાં,આભાર.

આ પુસ્તકો દ્વારા ગુજરાતની અવનવી ખાસિયતોને અજવાળે લાવવાનો સારો પ્રયાસ થયો છે. ગુજરાતના વણસ્પર્શ્યા વારસાને જગત સમક્ષ રજૂ કરવા બહુભાષિય પ્રકાશનો વધુને વધુ સંખ્યામાં રજૂ થાય એવી અભ્યર્થના.

શુભેચ્છા સહ.

આપનો,

(નરેન્દ્ર મોદી)

Shri Shailesh Raval
2C - Surya Rath Building
B/H White House
Panchwati, Off. - C G Road
Ahmedabad - 380006